સંસ્થાની કામગીરીઓ અંગે પદાધિકારીઓએ માર્ગદર્શન આપ્યું

ભાવનગર સહિત છ જિલ્લાના પ્રતિનિધિઓ માટે ઝોનલ વર્કશોપ યોજવામાં આવ્યો

ભાવનગર, મંગળવાર

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષના નેતૃત્વમાં તાજેતરમાં બોટાદના સાળંગપુરમાં ઝોનલ વર્કશોપ યોજાયો હતો.

પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓ અને બોર્ડની પરીક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

સી.ડબલ્યુ.સી.એન્ડ જેજેબી સેન્સર્ટીફીકેશન એન્ડ ટ્રેનીંગ કેપેસીટી બિલ્ડિંગ વિષયક યોજાયેલા આ વર્કશોપના પ્રારંભે આયોગના સભ્ય કમલેશાબાઈ રાઠોડએ શાબ્દીક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.આ વેળા પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓ અને ધો.૧૦ અને ધો.૧૨ ની પરીક્ષામાં સારા ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ.આયોગના ચેરમેન પર્મિશભાઈ ગજજરએ સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. આ વર્કશોપમાં ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર, બોટાદ, સુરેન્દ્રનગર અને અમરેલી સહિતના છ જિલ્લાઓના સી.ડબલ્યુ.સી.ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બરવાળાના મિસ્ત્રીપાલ સિવિલ જજ તથા જે.એમ.પી.સી.ના એન.કે.નાયરએ બાળકોલક્ષી કાયદાઓ અને જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.

રાજ્ય કક્ષાની આઈ.ક્યુ.ની પરીક્ષાના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

ભાવનગર, મંગળવાર

વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ૪૭ મી રાજ્ય કક્ષાની સામાન્ય જ્ઞાન કસોટી યોજાઈ હતી. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાંથી ધોરણવાર પ્રથમ ૨૦૦ વિદ્યાર્થીઓની પસંદગી કરીને તેમની સેકન્ડ ટેસ્ટ ડિસેમ્બરમાં લેવાઈ હતી. બાદ બંને ટેસ્ટના માર્કસના આધારે ધોરણવાર પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાની મેરીટ યાદી તૈયાર કરાઈ હતી. અને તેમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રસ્ટના નિયમો મુજબ સ્કોલરશીપ એનાયત કરાઈ હતી. ટ્રસ્ટના કેન્દ્રના પરીક્ષાર્થીઓમાંથી ધોરણ પ્રમાણે પ્રથમ ત્રણમાં સ્થાન મેળવનાર કુલ ૨૧ વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ તાજેતરમાં ટ્રસ્ટના પદાધિકારીઓની વિશેષ ઉપસ્થિતીમાં યોજાયો હતો. જેમાં રાજ્ય કક્ષાએ ધોરણવાર પ્રથમ ૧૦૦ માં મેરીટ મુજબ પસંદગી પામેલ કેન્દ્રના વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સ્કોલરશીપ એનાયત કરાઈ હતી. આ સાથે ધોરણવાર પ્રથમ ત્રણ ક્રમાં સ્થાન મેળવનાર છાત્રોને ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

શૈક્ષણિક

નંદકુંવરબા મહિલા કોલેજ દેવરાજનગર

નંદકુંવરબા મહિલા કોલેજ દેવરાજનગર ખાતે બી.કોમ. ત્રીજા-૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓની સપ્રે. ઓડ્રો. નવે. ડિસે. ૨૦૨૫માં લેવાયેલ યુનિવર્સિટીની પરીક્ષાની માર્કશીટ આવી ગયેલ હોય કોલેજ સમય દરમિયાન અને રજાના દિવસો સિવાય હોલ ટીકીટ સાથે રાખી એમની લેવી.

કે.પી.ઈ.એસ. ઈન્ડીયા સ્કુલ સમર કેમ્પ

તા.૨૧-૫થી તા. ૧૨-૬ સુધી ધ કે.પી.ઈ.એસ. કોલેજના ગ્રાઉન્ડ ઉપર સવારે ૭થીલ દરમ્યાન સમર કેમ્પનું આયોજન કરેલ છે. તેમાં ૨ વર્ષથી ૧૨ વર્ષ સુધી બોયઝ અને ૧૦ વર્ષથી ૧૯ વર્ષ સુધી ગર્લ્સ ભાગ લઈ શકશે. આ ફીમ્ ધે કે.પી.ઈ.એસ.સ્કુલ પ્રાયમરી વિભાગનાં ગેટ ઉપરથી મળશે.

ધાર્મિક

નંદાલય હવેલી સરદારનગર

તા. ૨૦ બુધવાર નંદમહોત્સવ મનોરથ દર્શન રાત્રે ૮.૧૫ થી ૮.૪૫ દરમ્યાન થશે.

ગોલીબાર રામદરબાર સંકિર્તન

તા. ૨૦ને બુધવાર રાત્રે ૦થી ૧૧ સ્વ. નિર્મળસિંહ મુળુભા ગોહિલનાં સ્મરણાર્થે મનોહરસિંહ ગોહિલ શક્તિસિંહ ગોહિલ પ્લોટ નં. એમબીપ વૃંદાવન બાગ સોસાયટી સ્કિલ ક્લેટની સામે અનંતવાડી ભાવનગર રાખેલ છે.

નગરનોંધ

ગરીબો માટે મફત દવા

ડૉક્ટરનું તાજુ ક્લિનીક્સ વિઝી લાનાર જરૂરીયાતમંદ દર્દીઓને ડ્રગ્સ્ટોર દ્વારા રવિવાર સિવાય દરરોજ સાંજે ૫.૩૦ થી ૮.૩૦ ના સમયે શ્રોપ નંબર-૩, આર્યમાન કોમ્પ્લેક્ષ, મેઘાણી સર્કલ, ભાવનગર થી સ્ટોકમાં હોય ત્યાં સુધી વિનામુલ્યે આપવામાં આવે છે.

એક્સપ્રેશર કેન્દ્ર

સેલ્ફ એક્ઝ્યુમેશર દ્વારા વિવિધ શારિરીક તકલીફોમાં વિનામુલ્યે રાહત મેળવવા દર્દીઓએ આજે સાંજે ૫ થી ૧ દરમિયાન કોમ્પ્યુટર વિઝન, માર્તંગી કોટો સામે, રામવાડી વાળો ખાંચો, ભીડભંજન મહાદેવ સામે, ભાવનગર ખાતે રૂબરૂ મળવું.

વિનામુલ્યે સુવર્ણપ્રાસન કેમ્પ

ભુરુચિયા ક્લિનિક, કાળિયાબીડ ભાવનગરના ઉપક્રમે તા. ૨૧-૫ને ગુરૂવાર સવારે ૧૦ થી બપોરે ૧ કલાક દરમ્યાન ભુરુચિયા ક્લિનિક કાળિયાબીડ શોપ નંબર ૨, સાંકેત કોમ્પ્લેક્ષ, ભગવતી સર્કલ, રામમોલેની બાજુમાં, સરદાર પટેલ રોડ, ભાવનગર ખાતે ઉંમર ૬ માસ થી ૧૨ વર્ષ સુધીના બાળકોને મારે ફ્રી સુવર્ણપ્રાસન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

સુવર્ણપ્રાસના ટીપા

માનવ સેવા એજ પ્રભુ સેવા ચરિતાર્થ કરતી મંગલ મેરીટોમેલ ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે જરૂરીયી બાર વર્ષના બાળકોને પુષ્પ નક્ષત્રમાં તા. ૨૧-૫ને ગુરૂવારના રોજ સવારે ૧૦ કલાકે સુવર્ણ પ્રાસના ટીપા પીવરાવવામાં આવશે. સ્થળ એલઆઈજી ૨૪, સોમનાથ મંદિર પાસે, આનંદનગર, ભાવનગર.

બુધસભા

શિશુવિહાર બુધસભાની ૨૩૯૨મી બેઠક તા. ૨૦ના રોજ સાંજે ૬.૧૫ વાગે શિશુવિહાર ખાતે સોના મહેતાના સંચાલનમાં યોજાશે. જેમાં વંદનાબેન વાઘેલા, કાચા આસવાર કરાવશે તેમજ કવયીત્રી અજ્ઞાના પોસ્ટમાર્ન્સ અંજુમ આનંદના યાદ કર ગઝલ સંગ્રહની બીજા આવૃત્તિનું વિમોચન થશે તેમજ કવિઓ સ્વરચિત રચના રજૂ કરી શકાશે. રસ રંગાવતા સર્વેને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

કોહીનુર મ્યુઝિક ગ્રુપ

કેતન આવસરથી પરિકલ્પના આયરીત ગાયેજ્ઞ ગીત મીલન કે ૮૫મો સંગીત કાર્યક્રમ કરાઝોકે ટ્રેક ઉપર તા. ૨૪ મે રોજ સાંજનાં ૫.૩૦થી ૮.૩૦ શિશુવિહાર રંગમંચ પર યોજશે. જેમાં હિન્દી ફિલ્મોનાં ઘાટગાર ગીતો રજૂ કરશે. દરેક સંગીત પ્રેમીઓએ સમયસર પોતાની સીટ મેળવી લેવી આ કાર્યક્રમ સંગીત પ્રેમીઓ માટે નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

બજાર ભાવ

ભાવનગર યાર્ડ

શીંગદ્દ	૧૩૦૮-૧૫૨૧
શીંગ નવી	૧૪૪૦
શીંગ નવી	૧૩૦૦-૧૯૮૧
તલ સફેદ	૧૮૫૦-૨૪૦૦
તલ કાળા	૨૧૮૦-૩૪૭૮
ઘઉં	૪૨૩-૫૪૦
બાજરી	૩૩૯-૫૫૫
જુવાર સફેદ	૪૩૦-૭૮૪
અડદ	૧૪૭૦
મગ	૧૪૮૧-૧૯૮૪
ચોળા	૧૨૯૧
રાય	૮૭૫-૧૨૦૦
મેથી	૧૦૦૦-૧૨૯૧
ધાણા	૨૦૦૦-૨૧૭૫
જીરૂ	૩૦૦૦-૩૨૨૫
સફાક દાંણા	૯૦૦-૧૧૨૦
ચણા છોલે	૧૨૩૪-૧૩૮૦
વરીયાળી	૭૯૫-૧૩૩૯
જુવ	૧૦૦૦
તુવેર	૮૪૧-૧૩૮૧
એરંડા	૧૧૫૦-૧૨૭૩
કાળીજીરી	૨૫૦૦-૩૨૦૦
કપાસ	૧૦૦૦-૧૭૦૨
મકાઈ	૪૧૬

મહુવા યાર્ડ

શીંગ ઉગાળુ	૧૩૧૦-૧૭૪૭
શીંગ નવી	૧૨૨૦-૧૬૧૩
શીંગ૩૨	૧૧૦૧-૧૪૧૨
શીંગજીજર૦	૧૨૦૯-૧૪૫૬
એરંડા	૧૧૦૦-૧૨૦૦
જુવાર	૩૬૦-૯૯૯
બાજરી	૩૩૯-૫૦૩
ઘઉં ટુકડા	૩૮૭-૫૨૪
અડદ	૪૧૫-૧૫૫૦
મગ	૭૫૦-૧૪૦૦
મેથી	૪૮૦-૧૩૮૩
ચણા	૧૦૦૦-૧૦૮૯
તલ સફેદ	૧૫૦૦-૨૪૭૧
તલ કાળા	૧૭૦૦-૩૪૬૧
તુવેર	૯૫૦-૧૪૧૨
જુવ	૨૭૪૦-૩૩૧૦
ડુંગળી લાલ	૬૫-૨૪૩
ડુંગળી સફેદ	૨૨૮-૩૧૫
નાળીયેર	૫૦૩-૨૨૮૬

નળાજા યાર્ડ

શીંગ મગડી નવી	૧૨૫૦-૧૭૧૭
શીંગજીજર૦	૮૦૦-૧૨૫૦
તલ સફેદ	૧૫૦૦-૨૨૪૮
તલ કાળા	૨૪૦૦-૩૪૫૦
એરંડા	૧૨૧૫-૧૨૬૪
ઘઉં ટુકડા	૩૭૦-૫૨૦
બાજરી	૩૨૫-૪૯૪
જુવાર	૨૭૫-૫૦૩
અડદ	૧૧૯૯-૧૫૯૬
મગ	૧૩૦૦-૧૬૫૨
ચણા	૯૦૦-૧૦૦૦
તુવેર	૮૭૫-૧૧૫૦
રાયમા	૧૮૦૦-૨૧૦૦
મેથી	૧૧૭૫-૧૨૦૦
સોયાબીન	૧૪૦૦
કપાસ	૧૬૭૨-૧૭૫૩

બોટાદ યાર્ડ

ઘઉં	૪૪૧-૫૧૧
બાજરો	૩૨૧-૪૮૬
જુવાર	૩૦૦-૯૪૬
મગફળી	૧૦૦૦-૧૦૫૦
કપાસ	૧૫૭૫-૨૦૨૨
તલ સફેદ	૧૬૦૦-૨૩૪૦
કાળાતલ	૨૪૪૫-૩૫૮૫
જીરૂ	૨૫૦૦-૩૭૦૦
ચણા	૧૦૦૦-૧૧૧૪
ધાણા	૧૫૦૦-૨૩૦૦
મગ	૧૪૫૦-૧૬૨૫
તુવેર	૧૧૩૦-૧૪૧૦
એરંડા	૧૧૦૦-૧૨૩૬
રાઈ	૧૦૫૦-૧૪૬૦
વરીયાળી	૧૩૦૦-૨૧૫૦

અવસાન નોંધ

ઓદિત્ય અગિયારસે સિહોર સંપ્રદાય બ્રાહ્મણ

ભાવનગર નિવાસી સ્વ. ચંપાબેન સદાશંકરભાઈ પંડ્યાના પુત્રી સ્વ. જાગૃતિબેન (ઉ.વ. ૫૯) નું તા. ૧૭-૫ને રવિવારના રોજ કૈલાસવાસી થયે છે. તે ગુણવંતરાય, સ્વ. જીતેન્દ્રભાઈ, મહેશભાઈ, નયનાબેન, નીરૂબેનના બહેન, ભગવતીબેન, નીતાબેન, મીરાબેનના નણંદ, પ્રાર્થનાબેન કુનાલકુમાર પંડ્યા, હિરલબેન રાહુલકુમાર પંડ્યા, તેજસ, ભાવિક, સચિન, દીપના ફોઈ થાય. તેમનું બેસણું તા. ૨૧-૫ને ગુરૂવારના રોજ રામવાડી વિભાગ નં. ૧, ભીડભંજન સામે, સાંજે ૪.૩૦ થી ૬.૩૦ સુધી રાખેલ છે. તેમના મોસાળ પક્ષનું બેસણું પણ સાથે રાખેલ છે.

ક્ષત્રિય

પડવા (હાલ પાલીતાણા) સ્વ. જગદીશસિંહ નટુભા ગોહિલ તા. ૧૮-૫ના રોજ રામચરણ પામેલ છે. તેઓ ચતુરસિંહ મંગળસિંહ, ભરતસિંહ નાનભાના નાનાભાઈ થાય તથા રાજેન્દ્રસિંહ, વિજયસિંહ, મનહરસિંહનાં મોટાભાઈ, હિતેન્દ્રસિંહ (ગોપાલસિંહ) તથા દિવ્યરાજસિંહનાં પિતાશ્રી, ક્રિષ્ણરાજસિંહ, વિશ્વદીપસિંહ, શક્તિસિંહ, યુવરાજસિંહ, કુલદીપસિંહનાં મોટાભાઈ, યુગ્વીરસિંહ, માનદીપસિંહના મોટાદાદાબાપુ થાય. તેમનું બેસણું તા. ૨૧-૫ને ગુરૂવારનાં રોજ સાંજનાં ૪થીલ અમારા નિવાસસ્થાને રાખેલ છે. તેમની ઉત્તરક્રિયા તા. ૨૪-૫ને રવિવારનાં રોજ રાખેલ છે. હવામહેલ પાસે, વીરપુર રોડ, પાલીતાણા.

ક્ષત્રિય

સ્વ. ગોહિલ લાલુભા ગીરુભા (ઉ.વ.૭૨) મંગળવારના. ૧૯-૫ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેઓ સ્વ. ચંદુભા ગીરુભા નાનાભાઈ તથા ગોહિલ મામુભા, ધનુભાના મોટાભાઈ, દેવેન્દ્રસિંહ તથા જયદેવસિંહનાં પિતાશ્રી, જયકસિંહ, વિરમદેવસિંહ, નીતેન્દ્રસિંહના કાકા, ધર્મેન્દ્રસિંહ, અજયસિંહનાં મોટાભાઇ થાય. તેમનું ઉત્તરક્રાજ શનિવાર તા. ૩૦-૫ના રોજ રાખેલ છે.

ક્ષત્રિય

ગામ જુના સાંગાણા, હાલ ભાવનગરના સરવૈયા બાપુભા નવલસિંહ (ઉ.વ.૯૮) તા. ૧૯-૫ને મંગળવારે સ્વર્ગવાસ પામેલ છે. તેઓ સરવૈયા રાજેન્દ્રસિંહ બાપુભા, મહેન્દ્રસિંહ (આપ, બોરતળાવ વોર્ડ પ્રમુખ), પ્રદિપસિંહ, જગદિશસિંહ (સૌરાષ્ટ્ર સમાચાર)ના પિતાશ્રી, સ્વ. હાહુભા બળવંતસિંહ, સ્વ. ધનુભા બળવંતસિંહ, કાળુભા જુવાનસિંહ, મહાવીરસિંહ જીલુભા, લીલુભા બહાદુરસિંહ, અનિરૂદ્ધસિંહ હેમુભા, પ્રતાપસિંહ મુળુભાનાં કાકા, રણજીતસિંહ પશુભા (આર્મી), પ્રદિપસિંહ પશુભાનાં મોટાભાપુ, શક્તિસિંહ હાહુભા (સિલ્વર બેલ્સ) ડિશોરસિંહ, સંજયસિંહ (સિહોર પોલીસ), લખમીરસિંહ ધનુભા, જયદેવસિંહ, ક્રિષ્ણરાજસિંહ, મહિપાલસિંહ, રાજેન્દ્રસિંહ, પાર્થરાજસિંહ (એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ), દિવ્યરાજસિંહ મહેન્દ્રસિંહ, કૃષ્ણદેવસિંહ પદુભા, જયદેવસિંહ ભીખુભાનાં દાદા થાય. તેમનું બેસણું તા. ૨૨-૫ને શુક્રવારના સવારે ૦થી સાંજે ૭ વાગ્યા સુધી એક દિવસનું કાળિયાબીડ, શાંતિનગર-૧ સહજાનંદ હોલમાં રાખેલ છે. તેમજ ઉત્તરક્રિયા તા. ૩૦-૫ને શનિવારે સહજાનંદ હોલ પાસે રાખેલ છે.

કારડિયા રાજપુત

ઝરીયા નિવાસી હાલ ભાવનગર મમુભાઈ દાનસંગભાઈ વાઘેલા (ઉ.વ. ૮૦) તા. ૧૯-૫ને મંગળવાર ના રોજ રામચરણ પામેલ છે. તે ભરતભાઈ મમુભાઈ વાઘેલા, મહેશભાઈ મમુભાઈ વાઘેલા, રેવાભેન પ્રવિણસિંહ રાઠોડ (બોટાદ) ના પિતા ,સ્વ. લુતપખાઈ દાનસંગભાઈ વાઘેલા ના મોટાભાઈ ,સ્વ. અગરસંગભાઈ નારણભાઈ વાઘેલા , સ્વ. ભાવસિંગભાઈ, સ્વ. પીરૂભાઈ ,સ્વ. દોલુભાઈ વાઘેલા ના કાકા ના દિકરા ભાઈ થાય. તેમનું કાણવાર તથા બેસણું એક દિવસ માટે રાખેલ છે. તા. ૨૧-૫ને ગુરૂવાર સ્થળ કારડિયા રાજપુત સમાજની વાડી (દિવ્યવાડી નવાપરા) ટી.એસ.પી. ઓફિસની બાજુમાં રાખેલ છે. બેસણાનો સમય સાંજે ૫ થી ૭ રાખેલ છે.

સિંધી

ભાવનગરના આશાબેન રમેશભાઈ કાંજાણી નું તા.૧૯/૫ને મંગળવારે અવસાન થયેલ છે.જેઓ પીરજરૂમાર મુગજભાઈ કાંજાણીના માતુશ્રી થાય. સ.નું બેસણું - ૫ગડીયુ તા.૨૦/૫ને બુધવારે સાંજે ૫-૩૦ થી ૬ કલાકે સંત પ્રભાચાર હોલ, વિષ્ણુનગર, ભાવનગર ખાતે ભાઈઓ અને બહેનોનું સાથે રાખેલ છે.

ખરક

ભંડારિયા કડવીબેન નાનજીભાઈ પટેલીયા (ઉ.વ. ૯૫) તા.૧૯-૫ને મંગળવારના અવસાન પામેલ છે. તે સ્વ. નાનજીભાઈ ડાયાભાઈના પત્ની, ખાટાભાઈ, ધનજીભાઈના માતુશ્રી, સ્વ જીવાભાઈ ડાયાભાઈના નાના બાઈના પત્ની, સ્વ. ભાયાભાઈ ડાયાભાઈના ભાભી, વિઠલભાઈ હરજીભાઈ, સ્વ. જગદીશભાઈ જીવાભાઈના કાકી, બાબુભાઈ વશરામભાઈ વલ્લભભાઈના મોટાબા, દર્શન, અક્રોશ, જયેશ, નિલેશ હંસાબેનના દાદી, સ્વ. રણજીતભાઈ તેજાભાઈ (દિહોર), સ્વ.ડાયાભાઈ તેજાભાઈ ફકારા(બીડવા)ના ફઈ થાય. તેની પિયર પક્ષની કાજ ખંડારીયા રાખેલ છે તેની ઉત્તરક્રિયા (કારજ) તા. ૩૦-૫ને નિણવા દિહોર પીપરલા તળાજા) તથા સ્વ. મનસુખભાઈ ડકાભાઈ રાઠોડના બહેન થાય. તે અચિનભાઈ મનસુખભાઈ રાઠોડ, મુકેશભાઈ, ભરતભાઈ, પ્રકાશભાઈ (મેલબાર્નસી), કમલેશભાઈ ચીમનભાઈ રાઠોડ (પીજીવીસીએલ), દક્ષાબેન દિનેશકુમાર રકાણીનાં ફઈ થાય. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૧-૫ના ગુરૂવારનાં રોજ સાંજે ૫થી ૭.૩૦ કલાકે ગોહિલવાડ વાળંદ શાતિની વાડી કાણાનાળ, ભાવનગર ખાતે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું પણ સાથે રાખેલ છે. સ્વર્ગસ્થની ઉત્તરક્રિયા તા. ૩૦-૫ના શનિવારનાં રોજ ભરતનગર વાળંદ શાતિની વાડી ૧૨ નં.ના બસ સ્ટેન્ડ પાસે, ભરતનગર ભાવનગર ખાતે રાખેલ છે.

ગુર્જર સુથાર

ગં.સ્વ. ગૌરીબેન ધનજીભાઈ તલસાણીયા (ઉ.વ.૯૦) (રહે. નાની વાલડી) તે સ્વ. ધનજીભાઈ વિઠલભાઈ તલસાણીયાના પત્ની તા. ૧૭-૫ને રવિવારે વૈકુંઠવાઈ થયેલ છે. તે શ્રેસીભાઈ ધનજીભાઈ તલસાણીયા (નિવૃત્ત તલાટી મંત્રી)ના માતુશ્રી, રોમન શ્રેસીભાઈ તલસાણીયા, સંધ્યાબેન ભટ્ટેકુમાર આહલપરા (સુરત), દિવાબેન દિપકકુમાર જીદવાણી (સુરત)ના મોટાબા અને રામજી મિસ્ત્રી દિલીપકુમાર, શીપેન્દુમાર, સ્વ. ગુણવંતરાય, સ્વ. કાંતિલાલના સાસુ, પ્રફુલભાઈ, ચનશ્યામભાઈ, મહેશભાઈ, મોહનભાઈ, વિજયભાઈ કનુભાઈ તલસાણીયાના મોટાબા ભાનુ થાય સરકતનું બેસણું તા. ૨૧-૫ને ગુરૂવારે સવારે ૦થી ૧ કલાક સુધી જૂંટ પરિવારની વાડી નાની વાલડી તાંલુકો ગારિયાધાર ખાતે રાખેલ છે.

મુસ્લિમ

ઈકબાલભાઈ વાલીમોહમદભાઈ લાખાણી (ઈકબાલભાઈ લાખા) તા. ૧૯-૫ને મંગળવારે અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. જેઓ સિદીકભાઈ લાખાણી (યુનિક મેડિકલ) અને મુકતર લાખાણી (કોહીનુર મશીન ટુલ્સ આફિસ ટ્રેડર્સ)નાં પિતાશ્રી થાય. બેસણું તા. ૨૦-૫ને ગુરૂવારે સમય સાંજે ૫થીલ વાગે શુકન ફલેટ, ભીલવાડા સર્કલ રાખેલ છે.

વેચાણ પૂર્વેની જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર નરેન્દ્રસિંહ બી. વાળા, એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ, ઠે. એ/૨૧, વિજય પ્લેસ, આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે :-

મોજે ગામ પીપરડી, તા. સિહોર, જી. ભાવનગરના ખેડખાતા નં. ૭૧૫૩ રેવન્યુ સર્વે નં. ૧૧૫/પૈકી ૧ની હેકટર ૧-૪૦-૬૩ તથા પો. ખરાબો હેકટર ૦-૦૪-૦૫ મળી કુલ હેકટર ૧-૪૪-૮૮ની ખેડવાળ જમીન રતાભાઈ ખોડાભાઈ બારૈયાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે, સદરહું ખેડવાળ જમીન રતાભાઈ ખોડાભાઈ બારૈયા પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

જેથી ઉપરોકત મિલકતના વેચાણ કે ટાઈટલ સંબંધે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંક કે અન્ય ઓથોરીટીને કોઈ વાંધો કે તકરાર હોય અથવા તે મિલકતમાં કોઈ વ્યક્તિ, બેંક, મંડળી કે સરકારી - અર્ધસરકારી સંસ્થાનો કોઈપણ પ્રકાર કહક, હિત, હિસ્સો, લાગભાગ, ગીરો, બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ (સાત)ની અંદર લેખીત વાંધા આધારભુત પુરાવા સાથે અમોને નીચેના સરનામે રજી.એ.ડી. દ્વારા રજુ કરવા અન્યથા મુદત વિતે અમારા અસીલ ઉપરોકત મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી ખરીદી લેશે. ત્યારબાદ કોઈ વાંધો કે તકરાર ચાલશે નહીં અને કર્યવાદ હકક, હિત વિગેરે જે કાંઈ હોય તો તે જતા કર્યા (Waive) બરાબર ગણાશે જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ : સિહોર, વિજય પ્લેસ, ડાભિ હોલ સામે, સિહોર-૩૬૪૨૪૦
મો.૦૨૮૪૩૫૬૮૦

ભાવનગર
નરેન્દ્રસિંહ બી. વાળા
એડવોકેટ, સિહોર

જાહેર નોટીસ

અરજદાના વકીલ: ધર્મેન્દ્ર બી. ભટ્ટ તથા રાજન બી. પઢીય

ભાવનગરના મે.બીજા (જુડી) સીવીલ જજ સાહેબની કોર્ટમા

પા. દિવાની અરજી સ.૨૨/૨૦૨૬

ગુજ. પ્રેમાભાઈ હિરાભાઈ વાઘેલાના વારસદાર
(અ) સ્વ.બહુકુભાઈ પ્રેમજુભાઈ વાઘેલાના વારસોઃ
રાજેશભાઈ બહુકુભાઈ વાઘેલા રહે. પ્લોટનં.૮, ૬-પારા,
લાઢમણા તલાવડી,ભાવનગર. ...અરજદારો

બાબત :- બીબ્બો રેગ્યુલેશન VIII of 1827 અન્વયે હેરશીપ સર્ટીફીકેટ મેળવવા બાબત.

આ કામના ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટના અત્ર કોર્ટ છે કે, શહેર ભાવનગરમા ૬-પરામા લાઢમણા તલાવડી, ગોમતીબાઈની વાડી પાસે આવેલ મજુર વાર બાંધકામી સહકારી મંડળી લી. માહેના પ્લોટ નં.૮ જેનું ક્ષેત્રફળ-ચો.યાર ૧૧૧.૧૧ થાય છે તથા તેમા આવેલ બાંધકામ વાળી મિલકત ભાવનગર મહાનગર પાલીકાના સા.મ.ક.કમાંક નં. ૧/૭૦/૯૮ તા.૧૪/૦૧/૧૯૯૮ થી અરજદારના દાદાશ્રી **પ્રેમાભાઈ હિરાભાઈ વાઘેલાને** એલોટ કરવામા આવેલ. અને તે રીતે તેઓ સદરહુ મિલકત માલિકી હકકે કબજા, ભોગવટામા ધારણ કરતા હતા. તેમનુ તા.૧૦/૦૧/૧૯૮૯ નાં રોજ અવસાન થયેલ છે. અને તેમના અવસાન બાદ ગુજરનામા તમામ વારસદારો વચ્ચે થયેલ ફીટીંગ્સ સમજુતીના કરાર આધારે સદરહુ મિલકત અરજદારને માલિકી હકકે પ્રાપ્ત થયેલ છે.ઉપરોકત અરજદારે ગુજરનામાં વારસદાર તરીકે હેરશીપ સર્ટીફીકેટ મેળવવા અત્રેની કોર્ટમા અરજી કરતા અરજદારના નામે હેરશીપ સર્ટીફીકેટ કાઢી આપવા બાબતે કોઈપણ શખ્સ, સંસ્થા, મંડળી કે કોઈએ પણ વાંધા તકરાર હોય તો, તેમોએ તા.૧૭/૦૪/૨૦૨૬ નાં રોજ ૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટના કાજર શઈ જતે અગર તો વકીલ મારફતે કાજર રહી રજુઆત, વાંધા રજુ કરવા. જો કોઈ વાંધા નહી આવે તો અત્રેની કોર્ટ આગળની કાર્યવાહી કરી અરજદાર નામુદ કરવામા આવશે જેની અત્રેની નોંધ લેવી.

આજરોજ તા. ૧૮/૦૫/૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (જે.એચ.મકવાણા) આસીસ્ટન્ટ બીજા એડી ફુડી કોર્ટ ભાવનગર	મુકાબલા કરનાર (જે.ડી.ગોહીલ) સુપરિટન્ડન્ટ બીજા એડી ફુડી કોર્ટ ભાવનગર	હુકમથી (બી.કે.મણીયાર) રજીસ્ટ્રાર ઈન્ચી. સિવિયર સિવિલ કોર્ટ, ભાવનગર

(કોર્ટનો સિકકો)

CHANGE MY NAME

I have change my name, my old name was **Mittal Babubhai Patel** now my new name is **Mittal Babubhai Patel.**

ADDRESS : Plot No.785,'Amivan' Vijayrajnagar, Adarsh Society Bhavnagar

CHANGE IN NAME

I undersigned here by declare that I have changed my name from

BAROT DARSHAKKUMAR RAJENDRABHAI
TO
BAROT DARSHAK RAJESHBHAI
Sd/- BAROT DARSHAK RAJESHBHAI

મિલકત ખરીદ કરતા પૂર્વેની તથા મિલકતનું ટાઈટલ ચકાસવા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વાને જણાવવાનું કે, ભાવનગર જિલ્લામાં ભાવનગર શહેર તાલુકાનાં ગામ મોજે અધેવાડા ગામનાં રેવન્યુ સર્વે નં.૧૮૪/૧ તથા ૧૮૪/૨ પૈકીની જમીનમાં રહેલાંનાં હેતુ માટે પાડવામાં આવેલ બીનખેડવાણ પ્લોટસ પૈકીનાં પ્લોટ નં.૫૮ ની ૨૦૯૮-૩૩ ચોરસમીટર યાર્ડ ૩૩૩-૦૦ ચોરસવારની રહેલાંની ખુલ્લી અને ખાલી જમીન સર્વાશી (૧) કૃપાલ ખાંભીલાલ શાહ તથા (૨) પ્રદિપ રમેશભાઈ સાચપરાની સંયુકત માલીકી, તાબા, કબજા, ભોગવટાની અને ચોખ્ખા માલીકી હકકની આવેલ હોવાનું જણાવી સદરહુ મિલકત તેઓએ અમોનાં અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી સદર મિલકત ઉપર કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા કે બેંક કે અન્ય કોઈ નાણા ધીરનાર સંસ્થા કે અન્ય કોઈપણનો લાગ-ભાગ, હકક-હિસ્સો હોય કે કોઈનું સાટાખત ઉભુ હોય કે અન્ય કોઈપણ પ્રકારનાં ફરારો અમલમાં હોય તો ને એનાં સક્ષમ દસ્તાવેજી આધાર પુરાવા સાથે સદર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૮ માં અમોને રજી.એ.ડી. થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી, નિયત સમય મર્યાદામાં કોઈનાં તરફથી કોઈપણ પ્રકારનાં કોઈ વાંધા રજુ થશે નહી તો સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિત, લાગ-ભાગ, હકક-હિસ્સો નથી અને જો હોય તો તે જતો (વેચ) કરેલ છે અને ઉપરોકત મિલકત પરત્વે ઉપરોકત દર્શાવેલ માલીકનાં માલીકી હકક, ટાઈટલ ચોખ્ખા છે તેમ માની-ગણી અમોનાં અસીલ મિલકત માલીકને પુરેપુરો વેચાણ અવેજ ચુકવી પાછો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને મિલકત માલીક પાસેથી મિલકતનો પ્રત્યક્ષ અને શાંત અને ખાલી કબજો મેળવી લેશે, ત્યારબાદ કોઈનાં પણ કોઈપણ પ્રકારનાં વાંધા, તકરાર કે હકક-દાવા ચાલશે નહી જેની સર્વાએ નોંધ લેવી.